**Date :** January6, 2011

**Publication :** Jai Hind

**Edition :** Ahmedabad

**Page :** 3

### નાના અને મધ્યમ કદના એકમોને

# વિદેશી મુદ્રાને લગતા જોખમો સામે અલ્પારી ખાસ મંચ સ્થાપશે

અમદાવાદ,તા.૫

અલ્પારી ઈન્ડીયા એ અલ્પારી ગ્રુપ ઓફ કંપનીઝ જે વિશ્વની સૌથી ઝડપી વિકાસશીલ નાણાંકીય સેવા આપતી કંપનીનો ભાગ છે. અલ્પારી ઈન્ડીયા તા.૧૦ થી ૧૩, જાન્યુઆરી-૨૦૧૧ના રાજે યોજાનાર ગુજરાત મેન્યુફેક્ચરીંગ એન્ડ ટેક્નોલોજી શો, વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૧માં એક ખાસ ડેસ્કની વ્યવસ્થા કરી રહી છે જેમાં નાના અને મધ્યમ કદના ઉત્પાદન એકમોને વિદેશી ચલણમાં થતી આવકને લગતા જોખમો કેવી રીતે ટાળી શકાય તેની માહિતી પુરી પાડવાનો ઉદ્દેશ્ય છે.

પ્રમીત બ્રહ્મભટ્ટ, સી.ઈ.ઓ. અલ્પારી ઈન્ડીયાએ જણાવ્યું હતું કે, નાના અને મધ્યમ એકમો (એસએમઈ) દેશની કુલ નિકાસના ૪૦% નિકાસ અને કુલ ઔદ્યોગીક ઉત્પાદનના ૪૫% ઉત્પાદન ક્ષમતા સાથે ભારતના આર્થિક વિકાસમાં અત્યંત મહત્વનો ફાળો છે. ચલણના મુલ્યમાં ખૂબજ ઝડપી વધઘટ રહેતી હોવાને કારણે નિકાસલક્ષી એકમો માટે વ્યવસાયીક જોખમરૂપ છે. નાના અને મધ્યમ એકમો દ્વારા તેમના ઉત્પાદનોની નિકાસથી લઈને વિદેશી ચલણમાં પ્રાપ્ત થતી આવક સામે રૂપિયાની દ્રષ્ટિએ ચોક્કસ તારીખે હકીકતમાં પ્રાપ્ત થનારી રકમ સાથે સંકળાયેલા જોખમો માટે પાત્ર અસુરક્ષીત છે તેથી વાઈબ્રન્ટ ગુજરાત મંચ થકી લઘુ અને મધ્યમ એકમોને યોગ્ય માર્ગદર્શન અને સહાયની તાતી આવશ્યકતા છે. તેમ બ્રહ્મભટ્ટે જણાવ્યું.

ગુજરાતમાં તાજેતરના અરસામાં થઈ રહેલો વિકાસ અદ્દભુત છે અને વાઈબ્રન્ટ ગુજરાત અમારે માટે ભાગીદારી કરવાની દેખીતી પસંદગી છે. અલ્પારી ખાતે અમારી વૈશ્વિક નિપૂર્ણતા, ઉત્કૃષ્ટ ગ્રાહક સેવા, વિસ્તૃત બજાર સંશોધન સાધનો અને વ્યાપારી મૈત્રીપૂર્ણ શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા આ ક્ષેત્રનું જોખમ શક્ય તેટલું ઘટાડવા માગીએ છીએ અને અસરકારક રીતે વ્યવસ્થાપન કરવા માર્ગદર્શન પણ આપવા માગીએ છીએ એમ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું.

૨૦૦૩થી દ્વિવાર્ષિક યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ પાંચમી સિમટ સહભાગી દેશો માટે મૂડી રોકાણ માટેની સુવિધાનું લક્ષ્ય ધરાવે છે.